શ્રી અરવિંદના જીવનદર્શનનું અનુશીલન કરતું ત્રિમાસિક

# DAKSHINA

# દક્ષિણા

વર્ષ-૧ • અંક-૧ એપ્રિલ ૨૦૦૯



THE MOTHER

EDITOR : JAGDISH VYAS

SRI AUROBINDO YOGA FOUNDATION OF NORTH AMERICA, INC.
NEW JERSEY - USA

# રસથાળ


| | | |
|---|---|---|
| ૧. | પ્રાર્થના અને ધ્યાન | ૨ |
| ૨ | હે સત્ય તું પ્રગટ થા. | ૩ |
| ૩. | સામૂહિક સાધના | ૪ |
| ૪. | શ્રી અરવિંદ અને ગુજરાતના સાહિત્યકારો | ૫ |
| ૫. | ૧૯૬૩ના હૃદયરોગમાંથી ઊઠયા પછી | ૬ |
| ૬. | આપણા અંબુભાઈ | ૬ |
| ૭. | સુન્દરમ આર્ટ ગેલેરી | ૭ |
| ૮. | આર્થિક સિદ્ધાંત / આશ્રમ જોયો | ૮ |


# IN THIS ISSUE


| | | |
|---|---|---|
| 1. | The Mother's Hour of Birth | 9 |
| 2. | From Sri Aurobindo | 10 |
| 3. | From The Mother | 10 |
| 4. | Psychological Significance of Sound (Nada) | 11 |
| 5. | Mantra | 12 |
| 6. | Defence of India - Hindu Concept | 13 |
| 7. | China and The Karma Factory | 13 |
| 8. | HH the Dalai Lama Visits Auroville | 14 |
| 9. | New Arrival to Our Library | 15 |
| 10. | Our Mission Statement | 15 |
| 11. | The Mother's Message | 16 |
| 12. | Final Arrival in Pondy | 16 |



**Editorial Board:**
Jagdish Vyas
Vivek Sinha
Govind Nishar
Nimesh Dikshit
Truptesh Patel

**P.R.O**
Pravin Tamboli





**Office:**
Dolly Sinha
Lalit Mistry

**Address:**
631 Vale Drive, Morganville, NJ 07751 USA
Tel.: 732-772-0864
On Web: sayfna.org


*Note: Suggested donation $25 for 4 issue*

# પ્રાર્થના અને ધ્યાન

**૨૪ સપ્ટેમ્બર, ૧૯૧૪**

તું અમારી વચ્ચે કેટલી બધી તો હાજરા હજૂર છે, વહાલી મા ભગવતી ! એમ લાગે છે કે તું અમને તારા સંપૂર્ણ ટેકાની ખાતરી આપવા માગે છે, તું અમને એ બતાવવા માગે છે જે પરમ સંકલ્પશક્તિ અમારી દ્વારા પોતાનો આવિર્ભાવ કરવા માગે છે તેને એવાં કરણો મળી આવ્યાં છે કે જે એ પરમ સંકલ્પશક્તિના નિયમને તારી અત્યારની શક્યતાઓ સાથે સંપૂર્ણ સંવાદમાં મૂકી આપીને તેનો સાક્ષાત્કાર કરી શકે તેમ છે. અને જે વસ્તુઓ અત્યંત મુશ્કેલ દેખાતી હતી, અત્યંત અસંભવનીય દેખાતી હતી, અને કદાચ અત્યંત અશક્ય દેખાતી હતી તે પૂર્ણ રીતે સિદ્ધ કરી શકાય તેવી બનેલી છે, કેમકે તારી હાજરી અમને એ ખાતરી આપે છે કે આ સ્થૂલ જગત પોતે જ એ પરમ સંકલ્પશક્તિના તથા મહાનિયમના નવા રૂપને આવિર્ભાવ આપવા માટે તૈયાર બનેલું છે અને એક સંપૂર્ણ સંવાદિતાની આનંદભરી વિપુલતામાં હું તને પ્રણામ કરું છું, તને, તારાં કાર્યોને તથા તારા સિદ્ધાંતને.



# હે સત્ય તું પ્રગટ થા.

## નવો આરંભ

**આ**ઝાદીના પ્રારંભના વર્ષોમાં શ્રી અરવિન્દ આશ્રમ, પુદુંચોરીથી 'દક્ષિણા'નામક એક ત્રિમાસિક પ્રગટ થતું હતું. શ્રી અંબુભાઈ પુરાણી અને કવિશ્રી સુન્દરમ્ તેના તંત્રી તરીકેનો કાર્યભાર સંભાળતા હતા. આ બન્ને મહારથીઓની વિદાય પછી, લગભગ ત્રણ દાયકા સુધી ચાલેલું આ સામાયિક સમેટાઈ ગયું. એક એકથી ચડે તેવા ૧૦૮ અંકો પ્રગટ થયેલા. સમસ્ત ગુજરાત આ બન્ને મહાન સાધકોનું ઋણિ રહેશે. આમ તો ગુજરાતના લેખકો અને કવિઓ અને બુદ્ધિજીવીઓએ ઘણા બધા સામયિકોની ભેટ ધરી છે પણ આ બધામાં, 'દક્ષિણા' એક વિશિષ્ટ ત્રિમાસિક હતું. જેના વિકલ્પમાં આજે આપણી પાસે સમખાવા એક પણ સામયિક નથી. ગુજરાત સાંસ્કૃતિક રીતે દુબળું-પાતળું થઈ રહ્યું છે. 'ગરીબી રેખા ' પર ભારતનું અર્થકારણ-રાજકારણ માત્ર નહીં પરંતુ ભારતનું સાંસ્કૃતિક જીવન પણ ચાલે છે. ગુજરાત આખાં અપવાદ નથી વિલાપનો કોઈ અર્થ નથી.

અમને થયું શ્રી અરવિન્દના જીવન દર્શનના આધાર ઉપર આવું જ એક સામાયિક ન્યૂ જર્સીમાં કેમ પ્રગટ ન થઈ શકે ? આમ 'દક્ષિણા' નો પુનઃ જન્મ થયો. તે પણ અમેરિકામાં વળી શ્રી અરવિન્દ યોગ ફાઉન્ડેશન તેના અસ્તિત્વ અને વ્યક્તિત્વના ૧૦ વર્ષ પૂરા કરી ૧૧માં વર્ષમાં પ્રવેશ કરે છે ત્યારે શ્રી અરવિન્દ દર્શનનું નિરૂપણ કરે તેવા કોઈ મુખપત્રની જરૂરિયાત જણાતી હતી. 'દક્ષિણા' ના પ્રકાશનથી એ કામ કંઈક અંશે થઈ શક્શે. શ્રી અરવિન્દના પૂર્ણયોગને લગતું વિશાળ સાહિત્યને જનસાધારણ સુધી પહોંચતુ કરવાનું કામ પણ સુગમ બનશે.

શ્રી અરવિન્દ ભાવિ યુગના દૃષ્ટા હતા પણ તેનો અર્થ એવો નથી કે તેમને વર્તમાન સાથે કંઈ લેવા દેવા નહતી. એટલે આપણા વર્તમાન યુગના વિકટ પ્રશ્નોના ઉકેલમાં શ્રી અરવિન્દની જીવન દૃષ્ટિ કઈ રીતે ઉપયોગી નિવડશે તે જોવા-તપાસવાનો પ્રયાસ પણ થશે. શક્ય હોય તો શ્રી અરવિન્દે પુરસ્કારેલી જીવન ફીલસુફીને જીવનના એક અંગ રૂપ બનાવવા મથવું - આ અમારી અભિલાષા છે.



શ્રી અરવિન્દે આપણને માનવ અસ્તિત્વનો ઉદેષ સ્પષ્ટ કરી આપ્યો છે, એટલું જ નહી પણ તેને પાર પાડવાનો રસ્તો પણ શોધી આપ્યો છે. ભાવિ જીવનનું લક્ષ અને ત્યાં પહોંચયાનો નકશો આંકી બતાવ્યો છે. એ અર્થમાં શ્રી અરવિન્દના જીવન અને કાર્યનું અનુશીલન એ અમારો ધ્યેય મંત્ર બની રહેશે.

શ્રી અરવિન્દે દિવ્ય જીવનનું એક શાશ્વત લક્ષ તો બતાવ્યું છે પણ એ સાથે સાથે અન્ય પ્રચલિત વિચારધારાઓ, વાદો, આદર્શો, સિધ્ધાંતો, અને સાધનાના વિવિધ માર્ગોની ઉપયોગિતા અને મર્યાદાઓને છતી કરી આપી અંતિમ આદર્શના લક્ષને સાવચેતી પૂર્વક કેમ કરી પહોંચવું તે પણ સ્પષ્ટ કરી આપ્યું છે.

ઉત્ક્રાંતિની લાંબી પ્રક્રિયા દરમ્યાન રસ્તામાં અનેક આડા અવળા ફાંટાઓમાં જીવન અટવાઈ ન જાય તેનું ધ્યાન રાખવાનું છે. અત્યારે તો અમેરિકા સહિત સમગ્ર વિશ્વ અરાજકતામાં અટવાઈ પડ્યું છે. રાજપુરુષો તો ઠીક પણ સાહિત્યકારો, વિચારકો, ચિંતકો સુદ્ધાં જાણે કે નાકની દાંડીથી આગળ કંઈ જોઈ શકતા જ નથી. આ કોઈ નાની સુની કટોકટી નથી. જાણે બધું જ ભાંગી પડ્યું છે. We lack perception. દર્શન શક્તિની મર્યાદા આપણો મૂળ પ્રશ્ન છે. વિશ્વ વ્યાપક અંધાધૂંધીનું મૂળ અહિં છે.

કહેવાતા મહાન ધર્મો અને શિક્ષણની પ્રથાઓ, વિજ્ઞાન

અને યંત્રો, કાનૂન અને બંધારણો, વિદ્રોહ અને ક્રાંતિઓ માનવ જીવનને બચાવી લેશે એવી આશા ઠગારી નીવડી છે. અનેક સંતો અને મહાત્માઓ, યોગીઓ અને સિદ્ધ પુરુષો, કવિઓ અને કલાકારો, મહાન વિભૂતિઓ અને ખુદ અવતારો આવ્યા અને ગયા, વિશ્વ આજે પણ રુદ્રની મુઠીમાં છે.

શ્રી અરવિન્દ લખે છે કે પશ્ચિમે માણસની બૌદ્ધિક અને ભાવાત્મક વૃદ્ધિ તે, પ્રાણની અને સ્થુળ સ્વરૂપથી વૃદ્ધિને પોતાનો આદર્શ બનાવેલો છે, પણ એને પોતાના આધ્યાત્મિક જીવનની આથી વધુ મહાન શક્યતાઓને બાજુમાં મૂકી દીધી છે. પશ્ચિમે પોતાની શ્રદ્ધા પોતાના વિજ્ઞાન અને યંત્રોમાં મૂકી છે અને એજ વિજ્ઞાન એનો નાશ કરી રહ્યું છે, અને એના યંત્રો એને પોતાના ભારથી કચડી રહ્યા છે. પશ્ચિમને એ સમજાતું નથી કે તેના આદર્શોની સિદ્ધિ માટે એક આધ્યાત્મિક પરિવર્તનની જરૂર છે. પૂર્વની પાસે એ આધ્યાત્મિક પરિવર્તનનું રહસ્ય આવેલું છે. પરંતુ એણે પોતાની આંખો પૃથ્વી તરફથી ઘણા લાંબા સમયથી સાવ ફેરવી લીધી છે. ભારતની પ્રજાને સ્વર્ગે જતા આવડે છે. પણ પૃથ્વી પર ચાલતા આવડતું નથી. હવે આ બધા વિરોધાભાસો અને ધ્વંદોનો અંત લાવવાનો સમય પાકી ગયો છે. આવી પરિસ્થિતિમાં શ્રી અરવિન્દનું પૂર્ણ અને અખંડ જીવન દર્શન આપણને ઉગારી લેવાની ક્ષમતા ધરાવે છે. કોઈ દિવ્ય સત્યથી પ્રેરીત એવી એક સમન્વય દૃષ્ટિ જ આપણને નવું જીવન, નવી દિશા, આશા અને બળ પુરું પાડશે. જીવનમાંથી ખસી જનારી આધ્યાત્મિકતા એ આપણો આદર્શ નથી, પરંતુ આત્માની શક્તિ દ્વારા જીવનને જીતવું એ આપણો આદર્શ છે. ચાલો આપણે સાથે મળીને આ ધર્મનું પાલન કરીએ.

- તંત્રીના ટેબલ પરથી
**જગદીશ વ્યાસ**

# સામૂહિક સાધના



‘‘પૂર્ણયોગનો સાધક જીવનનો સ્વીકાર કરે છે, એટલે તેણે તેનો પોતાનો ભાર તો વહેવાનો રહે છે જ, અને ઉપરાંત, આ ભાર કે જે ઠીક ઠીક વજનદાર હોય છે એના અનુસંધાનમાં તેણે જગતના ભારનો પણ ઘણો મોટો ભાગ વહેવાનો રહે છે, એટલે એનો યોગ બીજા લોકોના યોગ કરતાં ઘણા વધુ પ્રમાણમાં એક સંગ્રામ જેવો બની રહે છે. પણ આ સંગ્રામ તે તેનો પોતાનો વ્યક્તિગત સંગ્રામ ન રહેતાં એક સામૂહિક સંગ્રામ બની જાય છે. અને એ સંગ્રામ એક ઘણા બહોળા પ્રદેશ ઉપર ખેલાતો રહે છે. એણે જગતમાં આવેલા અંહકારપ્રધાન અસત્ય અને અતંત્રતાનાં બળોને જીતવાનાં હોય છે. પણ તે માત્ર તેના પોતાના પૂરતાં, તેની પોતાની અંદર જ જીવતવાનાં નથી. એ બળો તો જગતમાં આવેલાં એજ રીતનાં વિરોધી અને અખૂટ બળોનાં પ્રતિનિધિ જેવાં હોય છે, અને એથી તેઓમાં વિરોધ કરવાની એક ઘણી હઠીલી શક્તિ આવી રહેલી હોય છે, એમને જાણે ફરી ફરીને હુમલો કરવા માટેનો લગભગ શાશ્વત જેવો હક મળી ગયેલો છે અને આ રીતે તેણે આ બળો ઉપર વિજય મેળવવાનો રહે છે. ઘણીવાર સાધકને જણાય છે કે એણે પોતાની અંગત લડાઈ તો બરાબર મક્કમતાપૂર્વક જીતી લીધેલી હોય છે તે પછી પણ એ લડાઈ તેણે એક અનંત જેવા દેખાતા મહાસંગ્રામના અંગરૂપે ફરી ફરીને જતવાની બાકી રહે છે. કારણ કે એનું આંતર જીવન હવે ખૂબ જ વિશાળ બની ગયેલુ હોય છે, અને તેમાં હવે તેના પોતાના સ્વરૂપની સ્પષ્ટ દેખાઈ આવતી જરૂરિયાતો અને અનુભૂતિઓ આવતી હોય છે એટલું જ નહિ, પણ એનું જીવન હવે બીજાઓના સ્વરૂપ સાથે પણ એક સઘન એકતામાં મુકાઈ ગયેલું હોય છે. એ પોતાની અંદર સારાયે વિશ્વને ધારણ કરતો બની ગયેલો છે. અને એ રીતે એનો સંગ્રામ પણ વિશ્વ જેવો અનંત અને શાસ્વત બની ગયેલો દેખાય છે.’’

**-શ્રી અરવિંદ, ‘સિન્થેસિસ ઓફ યોગ’**

# શ્રી અરવિંદ અને ગુજરાતના સાહિત્યકારો





## પ્રાર્થ

શ્વસો મારાં સર્વે શ્વસન મહીં હા શ્વાન થઈને,
સ્ફૂરો મારાં સર્વે મનન મહીં હા ચિત્ત થઈને,
વસો મારાં સર્વે કરણ મહીં હા કર્મ થઈને,
લસો મારાં સર્વે સ્ફૂરણ મહીં કો મર્મ થઈને.

- સુન્દરમ્

## 'મા' હૃદય

કશી શ્રદ્ધા મારે ઉર વસી ગઈ, એજ રટણ -
હવે ક્યારે લાધે પળ મધુર કે સ્પર્શું ચરણ ?
વહે લૈ અંધાપો સમય, ભ્રમણા કૈ મન કશી.
ઘડી ના રોકાવું જગત પર કો કારણ વિના.
સદા કલ્પી કલ્પી કસી કસી ઉરે રોજ વળતો
વળાંકે મીંચી દૈ નયન પળ બે આશ્રમ વિશે,
વળે પાછાં મારાં શ્રમિત પગલાં તો ઘર વિશે.
અહીં ક્યાંથી તું, જ્યાં સ્વપનમહીંના આશ્રમ મળે.
છતાં શ્રદ્ધા મારે ઉર વસી ગઈ, શાંતિ ઉરમાં
અજાણી થૈ આજે ઘર કરી ગઈ, તું અટળ થૈ
બની શ્રદ્ધા, શાને પછી ઉર ઝુરે કલ્પન વિશે ?
વસી તું જ્યાં તે તો મુજ ઉર બન્યું આશ્રમ હવે.
વહી ચાલ્યા શ્રદ્ધા-ઝરણ, મુજ લાખો નસ મહીં
રહ્યાં પોષી ઝીણું ધબકતું અહો 'મા' નું હૃદય !

- ભરત ઠક્કર

## અહીં તે છે

હતી ઝંખી તેને પ્રખર સહરાની તરસથી
અહીં તે છે હાવાં સકલ નભનાં નીર લઈને
ઝુકેલી, આકાશી શત શતી તણા શૈત્ય લઈને
દ્રવંતી, સૂર્યોનાં સતત તપતાં તેજ લઈને
બધાં અંધારાંનો કવલ કરતી, વિશ્વ મરુતો
સમી વ્હેતી સંધાં વન તરુ તરુ ને પરસતી,
સ્ફુરતી ઉષ્માળા રુધિર સરખી તે નસ નસે,
સહુ સૌભાગ્યોની શિખરિત શિખા જેવી વિલસે.
હવે કહેશું નાના સહુય ભુલકાંને જગતનાં,
અને મોટેરાંને, ગલિત પલિતાંને વ્યથિતને,
ઉદાસી-આશીને, મતિ-ચકરમાં બદ્ધ મનને,
ધસી ઊર્ધ્વે જાતા, પ્રબલ તપસીના હૃદયને :
અહીં આવો ઓ સૌ, નિજ નિજ તણાં ભીતર લઈ
તમારે અર્થે હ્યાં અમૃતમયી તે છે અવતરી.

- સુન્દરમ્



# શ્રી અંબુભાઈ ૧૯૬૩ના હૃદયરોગમાંથી ઊઠ્યા પછી

His higher intellectual part has gone to Sri Aurobindo and united with him.

His psychic is with me, and he is very happy and in peace. His vital is still helping those who seek his help.

**- The Mother**

એમનો ઊર્ધ્વ બૌદ્ધિક અંશ શ્રી અરવિંદ પાસે ગયો છે અને તેમની સાથે અદ્વૈત પામ્યો છે. એમનો ચૈત્ય પુરુષ મારી સાથે છે, અને તેઓ બહુ સુખમાં અને શાંતિમાં છે.

એમનો પ્રાણ જે લોકો એમની મદદ માગે છે તેમને હજી પણ મદદ કરી રહ્યો છે.

**- શ્રી માતાજી**



શ્રી અંબુભાઈ

# આપણા અંબુભાઈ

## શ્રી ઉમાશંકર જોશી



શ્રી ઉમાશંકર જોશી

પ્રાણોને નાથવા, પ્રાણોને વશ કરવા, ટૂંકામાં પ્રાણોનું શોધન કરવું એ અંબુભાઈની વિશિષ્ટ સાધના બની રહી. મહાપ્રાણમાંથી સાધનાબળે, મહામના, મહાવિજ્ઞાની, મહાનંદ સ્વરૂપને ઉપસાવવા મથવું એ એમનો જીવનક્રમ બની રહ્યો. એમની સાધના કંઈ કંઈ અંશે ફલવતી પણ બની. સાધનાને માર્ગે ચઢ્યા ન હોત તો કદાચ આ પ્રકારની અને આટલી ઉદાર માનસ સિદ્ધિ એમનાં લખાણોમાં પ્રગટ થઈ ન હોત, ચેતનાને અગ્નિસ્પર્શ કરી જતી જ્યોતિવીરતા વિકસી ન હોત અને આનંદપુરુષ તરીકે એ ભાગ્યે જ કોઈને પ્રતીત થયા હોત.

પોંડિચેરી આશ્રમમાં રહ્યે રહ્યે શબ્દના માધ્યમ દ્વારા કે ગુજરાતના સાસંકૃતિક જીવનમાં સતત ઓત-પ્રોત રહેલા આપણા અંબુભાઈ એ ગુજરાતના સૂક્ષ્મ જીવનનો ચિરંતન અંશ બની ચૂક્યા છે, અને આપણા સંમાનસૌહાર્દભર્યા સ્નેહના અધિકારી બન્યા છે.

★ શ્રી અંબુભાઈ પુરાણી સ્મૃતિગ્રંથ. કાર્યવાહક સંપાદક જયંતિલાલ આચાર્ય (પ્રકાશક, ચિનુભાઈ પુ. શાહ, મંત્રી, ગુજરાત વ્યાયામ પ્રચારક મંડળ, રાજપીપળા, પાનાં ૧૨+૩૬૦૩.૨૧.૦૦)

# Sundaram Art Gallery • સુન્દરમ આર્ટ ગેલેરી



## કલા સર્જન

શ્રી અરવિંદ

### દિવ્ય કળા

આનંદ અર્પતી બાહ્ય નેત્રોને,
કિંતુ ભીતરે
વસતા તત્ત્વનું ઢાંકી
રાખતી જેહ દર્શન,
એવી એ સઘળી રેખા વટાવી
શિલ્પ-ચિત્ર ત્યાં
ચિત્તને ઊર્ધ્વમાં લેતાં આંતર દષ્ટિતણા કયહીં
ગતિહીન તટે કોક એકાગ્ર કરતાં હતાં,
અદૃશ્ય પ્રભુની કોક આકૃતિ પ્રગટી જતાં,
સારી યે પ્રકૃતિ કેરો અર્થ એક જ રૂપમાં
અનાવૃત્ત કરી દેતાં અથવા એક દેહમાં.






## કળા દર્શન

કલા પોતાની ઉત્તમોત્તમ અભિવ્યક્તિ તો આધ્યાત્મિકતાની સેવામાં પ્રાપ્ત કરે છે.

●

કળામાં માત્ર રચાત્મક મૂલ્યો જ નથી હોતાં. તેમાં જીવન મૂલ્યો અને ચિત્ત મૂલ્યો પણ હોય છે.

●

કળા એ કેવળ સૌન્દર્યની ખોજ કે અભિવ્યક્તિ છે એમ પણ નથી. કળા એ તો એક રસાત્મક દર્શનમાંથી રચાતી અને પૂર્ણ નિરૂપણ દ્વારા આકાર લેતી ચૈતન્યની પોતાની જ નિજાભિ વ્યક્તિ છે.

●

આપણા પૂર્વજોમાં હતી તેવી આનંદ અને સૌન્દર્યની આરાધના જે દિવસે આપણામાં પાછી આવશે તે દિવસે આપણી મુક્તિનું વહાણું ઊગશે. કારણ, જ્યાં લગી આપણે આ આનંદ અને સૌન્દર્ય પ્રાપ્ત કર્યા નથી ત્યાં લગી આપણી કવિતામાં અને કળામાં કદી પણ આભિજાત્ય અને માધુર્ય નિશ્ચતપણે આવવાનું નથી. આપણા જીવનમાં એક સંતોષમય ગૌરવ અને સભરતા આવવાની નથી. આપણા આત્મામાં સંવાદમય પૂર્ણતા આવવાની નથી.

●

હિંદની કળાના સર્જનનો આખો યે પાયો આધ્યાત્મિકતા અને સહજપ્રજ્ઞા ઉપર મંડાયેલો છે. આપણા કળાકારો આ વસ્તુ પ્રત્યે પૂરેપૂરા સભાન હતા અને શાસ્ત્રોએ પણ આ વાત સ્વીકારેલી છે.

●

જગતમાં બધું જ સુંદર છે, પરંતુ તે સૌન્દર્ય એકજ ભૂમિકાનું નથી. બધી જવસ્તુઓમાં દિવ્ય સૌન્દર્ય છે પરંતુ કેટલીક વસ્તુઓમાં બીજી કરતાં વધુ સુન્દરતા છે.

(કળા પ્રદર્શનની પુસ્તિકામાંથી)





# આર્થિક સિદ્ધાંત

અમારા કાર્યના પાયામાં, આર્થિક દૃષ્ટિએ જોતાં, અમે પ્રથમ તો એ સિદ્ધાંત રાખ્યો છે કે પૈસો તે વધુ પૈસા મેળવવા માટે નથી. પૈસામાંથી પૈસા બનાવવા એ વિચાર એક જૂઠ છે, વિકૃતિ છે.




પૈસો એ તો સમૂહની, દેશની અથવા કહો કે આખીયે પૃથ્વીની સંપત્તિ વધારવા માટે છે, તેની સમૃદ્ધિ અને ઉત્પાદકતા વધારવા માટે છે. એ એક સાધન છે, બળ છે, શક્તિ છે, એ પોતે કાંઈ લક્ષ્ય નથી. અને જગતનાં બીજાં બળો અને શક્તિઓની માફક પૈસો પણ જ્યારે ગતિમાં રહે છે, તેની હેરફેર થતી રહે છે, ત્યારે જ તેની વૃદ્ધિ થતી રહે છે, ત્યારે જ તેની શક્તિ વધતી રહે છે. એનો સંગ્રહ કરી રાખવાથી તેમ જ તેને સ્થિર કરી દેવાથી કશું જ પરિણામ આવતું નથી.

એક રીતના આંતરિક એવા ચૈતસિક સાક્ષાત્કાર દ્વારા તેમ જ એક બાહ્ય સંગઠન દ્વારા અમે એક એવું જગત ઊભું કરવા માગીએ છીએ કે જેમાં પછી માનવજાતિના દુઃખના મોટાં ભાગનાં કારણો નિર્મૂળ થઈ ગયાં હોય. અને આ વસ્તુ થઈ શકે તેમ છે તે અમે એક નક્કર દૃષ્ટાંત દ્વારા જગત આગળ પુરવાર કરવાનો પ્રયત્ન અહીં કરી રહ્યા છીએ.

**- શ્રી માતાજી**

# આશ્રમ જોયો



........ભારતના ખૂણે ખૂણા જોયા, મંદિરો જોયાં, પર્વતો ટેકરીઓ જોઈ, જુદાં જુદાં ધર્મોનાં ધામનાં દર્શન કર્યાં. નદી-સાગર સંગમો જોયાં, અને સાગરે સાગરનાં મહા મિલનો જોયાં, આશ્રમે આશ્રમો તથા સમાધિએ સમાધિઓ તથા ગુફાએ ગુફાઓ જોઈ. પણ જે જીવંત જે ચેતનાયુક્ત, જે પવિત્ર, જે સૌજન્યસભર, જે સૌન્દર્યયુક્ત, કોઈ ગહન, કોઈ નિર્દોષ, નિર્મલ, પ્રેમ-સ્નેહથી ભરપુર, વિકારવિહીન, દેવસૃષ્ટિ, દેવભૂમિ પોંડિચેરી અરવિંદ આશ્રમ જોયો. ભારતમાં જ નહિં પણ વિશ્વનાં ગ્રહમંડલોમાં એનું સ્થાન આગવું છે. ત્યાં મહાભગવતી મહા શક્તિથી જે રૂપાંતર થઈ રહ્યું છે, માનું શીતળ સાંનિધ્ય અને જીવનનો સર્વતોમુખી વિકાસ ત્યાં જે છે તે બીજે ક્યાંય નથી...

**- એક યાત્રી**

# The Mother's Hour of Birth

## IN A NUMEROLOGICAL CONTEXT

The hour at which the Mother was born remained unknown for a long time. It came to light only a few years back, thanks to her son Andre.



The comparison, between the various time details we have so far had of the Mother's birth and those available of Sri Aurobindo's, has proved a very fascinating one. Sri Aurobindo was born in I872, the Mother in I878. The numerical difference is 6. His month of birth is the eighth in the year, August; hers is February, the second month. The same difference of 6 is there again. His birthday fall on the 15th, here on the 21st. Once more the number 6 is at play. The question arose: would the same number appear where the birth-hour was concerned? We have been told that the time was 5 a.m. for Sri Aurobindo. The conjecture could be made that for the Mother it might be _ or should be - 6 hours before or after: that is, either 11 p.m. or 11 a.m. The information from France is that there is no record of the exact moment for the Mother but that is was approximately 11 a.m.!

A curious fact relevant to this news is a statement by Sri Aurobindo on himself in an article entitled "About Astrology": "In my own case accuracy was hampered by the inability to fix the precise moment of my birth." So his birth-hour too was approximately 5 a.m. The fourfold occurrence of 6 in a perfect way is amazing. What could be the occult significance of this rare numerological consistency? The Mother has said in one place that the number 6 symbolizes "Creation"; in another she has made it stand for "New Creation". It is indeed true that between them Sri Aurobindo and the Mother carried on a lifetime's creative work of giving birth to a new would embodying the descent and manifestation of the hitherto-hidden Supermind upon earth. The sense of this work seems to have been driven home to us by a remarkable phenomenon of numerology.

***-K. D. Sethna***

# FROM SRI AUROBINDO



I am not here to convert anyone; I do not preach to the world to come to me and I call no one. I am here to establish the divine life and the divine consciousness in those who of themselves feel the call to come to me and cleave to it, and in no others.

◆

If good fortune and ill fortune, if respect and insult, if reputation and obloquy, if victory and defeat, if pleasant and sorrowful event leave us not only unshaken, but untouched, free in the emotions, free in the nervous reactions, free in the mental view, not responding with the least disturbance or vibration in any spot of the nature, then we have the absolute liberation to which Gita points, us, but not otherwise.

◆

One who has so great an aim as to be united with the Divine and to manifest Him, how can he be affected by all the futilities and foolishnesses of life?

*(A definition from the Gita) Man's divorce from his long wedlock with sorrow, which is called yoga.*

# FROM THE MOTHER

What we are doing now is a new thing; it has nothing to do with the past. It can be called an adventure because it is the first time that Yoga aims at transformation and divinization of physical life instead of escape from it.

◆



Before you can undertake this work of physical transformation, which of all things is the most difficult, your inner consciousness must be firmly established, solidly established in the Truth, so that this transformation may be the final expression of the Truth-Final for the moment at least.

◆

To keep constantly a concentrated and in-gathered attitude is more important than having fixed hours of meditation.

◆

When you are sure that you have attained absolute sincerity, you may be certain that you have plunged into falsehood.

# The Psychological Significance of Sound (NADA)

In recent times, physicists themselves have proved that atoms are indeed vibrations, being almost alarmingly insubstantial, and not at all the tiny grains of matter which the mechanistic 19th century physicists would have us believe. Further it is observed that cosmic tones or frequencies are present in differing combinations throughout the universe, not only within all substances and forms in different vibratory combinations, but they are the substances and forms themselves. According to the combination of cosmic tones (or vibrations) present within any given area of space, so is the nature of substance within that space determined.



In the words of Sri Aurobindo, "... even ordinarily, even in daily life, we do produce by the word within us thought-vibrations, thought forms, which result in corresponding vvital and physical vibrations, act upon ourselves, act upon others and end in the indirect creation of actions and of forms in the physical world.

... The Vedic use of the Mantra is only a conscious utilization of this secret power of the world/"

The Mantra is an "intended" ordering of vibrations, which creates the desired effect in the being of the receiver or the aspirant. It is a World of Power born out of the depths of being, meditated upon and then permeated into the atmosphere and space with Pranic force. Its intent, intonation, rhythm and meter all act from the intangible layers of our being down to every microscopic physical cell, leading to transformation, healing and the ascent of consciousness through the different parts and planes of the being.

Audible Sound has been used in various forms to influence our inner and outer world. The sponken world, the sense and the meaning of sound, the use of language and the different forms of music in creation have all chiseled and shaped the psycho-spiritual being. An experiential journey with Indian musical and Mantric techniques is designed to shed light on the deep psychological and related effects a being can affect within himself with the sensory gift of Sound and other vibrating forms (Nada).

***-by Shruti***

# MANTRA



"…..When the Mantra sinks in Yoga's Ear
Its message enters stirring the blind brain
And keeps in the dim ignorant cells its sound;
The bearer understand a form of words
And, musing on the index thought it holds,
He strives to read it with the labouring mind,
But finds bright hints, not the emoidied truth:
Then, Falling Silent in himself to know
He meets the deeper listening of his soul:
The word repeats itself in rhythmic strains:
Thought, Vision, Feeling, sense, the body's self
Are seized unalterably and the endures
An ecstasy and an immortal change;
He feels a wideness and becomes a power,
All knowledge rushes on him like a sea:
Transmuted by the white spiritual ray
He walks in naked heavens of joy and calm,
Sees the god-face and hears transcended speech….."

- Sri Aurobindo (Savitri : Book IV, Canto III, p. 375)



# Defence of India - Hindu Concept

## Krishna Advises: Fight

*If you do not fight this battle*
*You will fail in your own law and in your honor.*
*And you will incur sin…*
*So as the unwise work with attachment*
*the wise should work without attachment*



*O son of Bharata,*
*And seek to establish*
*order in the world*
*Cast all your acts upon me,*
*with your mind on the highest soul.*
*Have done with craving and selfhood*
*Throw off your terror and fight!...*

## CHINA AND THE KARMA FACTORY

**Reshma Patil**

"Have Karma. So no problem" said the Chinese businessman with rudraksha beads on his wrist, flipping open his Apple Mac Book to show this correspondent photographs of his product : the Bhagavada Gita in Chinese. Five thousand copies have sold since last year, for 58 yuan (about Rs-400) per copy. So thirty-something entrepreneurs like Li Jian alias Lohitaksa in Sanskrit, have an expanding Bharat-China yoga out sourcing business on hand. "Many Chinese are now rich, but un happy. They want religion" said Lohitaksa at Starbucts.

"The Chinese believe in one life, so they are stressed out trying to achieve everything, " he said. "I teach them karma and Vedic culture."

When Lohitksa was Jain Lin in 1992, he bought a Chinese Bhagavada Gita Hong Kong. "My Spiritual questions became clear.' He said. "I believed Lord Krishna's teachings and turned vegetarian." His mother, upset over his vegetarianism, made him cook his meals. Today she shuns meat too. He started learning yoga from shows on China Central Television over a decade ago, until a meeting in Xian with a Indian "guruji" from the International Society of Krishna Consciousness trransformed his life.

He's planning a July opening for a yoga institute in Beijing with course on the Bhagavada Gita and Management.

*The writer is China correspondent in Beijing, Hindustan Times, December 12, 2008*

# HH the Dalai Lama Visits Auroville



His Holiness the Dalai Lama came to Auroville January 20th to inaugurate the Pavilion of Tibetan Culture. A crowd of Auroville residents, local Tibetans and other admirers gathered for a morning consecration of the Pavilion by the Tibetan leader and an entourage of chanting monks.

Writer, Claude Arpi, who has been instrumental in creating the Pavilion, gave some introductory remarks referring to both Martin Luther King Day and the inauguration of Barack Obama.

His Holiness later addressed over two thousand who gathered under colorful tents in the afternoon with a talk on “Human Unity and Universal Responsibility”. The talk was followed by the Dalai Lama's answers to questions posed earlier by email and some audience members.

He commented on the progress Auroville continues to make as he himself has witnessed the landscape transformed from a barren plateau to a bio-diverse forest. He also mentioned the Matrimandir, and how he admired the technical skill involved in completing it.He said, "I'm very happy...each visit here I found more progress, more development and the most important when I come here the people from the different countries, different nationalities then I felt now here genuine human spirit, the spirit of human brother sisterhood, I think something very sort of alive, that's very good".

The Pavilion of Tibetan Culture is located in Auroville’s International Zone and is situated near Bharat Nivas, the Indian Pavilion and a Student Dormitory built by students from the University of Washington and Auroville International USA.A number of Americans in attendance noted the significance of the Dalai Lama’s visit on Obama’s Inauguration Day and hoped the ideals of Human Unity expressed in Auroville would be implemented with the help of the incoming President and his supporters. “We will be celebrating around the world today” said one jubilant American.

In his press conference, the Dalai Lama expressed his "deep congratulations" and "prayers" for Obama's success.



***Dr. V Ananda Reddy*** *is the Director of Sri Aurobindo Centre for Advanced Research, He has traveled widely in India as well in the U.S.A, Germany, The Netherlands, Spain, England, Italy, Russia, Japan, Bangkok and Singapore and delivered extensive lectures and conducted workshops on the vision and works of Sri Aurobindo and the Mother.*




*His present book, 'Deliberations on The Life Divine, Volume One' is a transcribed, edited version of his series of talks on Sri Aurobindo's The Life Divine. He has attempted to explain in a simple language the main philosophical arguments of the first six chapters of Sri Aurobindo's magnum opus. As the book maintains the tenor of his talks, it is simple and easy to understand even by beginners who would also like to grasp the profound and magnificent philosophy of Sri Aurobindo.*













# Our Mission Statement

We are not against any Civilization
We are not against any Religion
We are not against any Ideology
We are not against any System
We are not against any Isms
We are not against any Government

**But we are certainly against Discrimination, Inertia and Darkness.**

Mother said so: we stick to the Truth.

## *Our Aspiration and Inspiration*

Sri Aurobindo Ashram is our source of aspiration and inspiration. We are thankful to Sri Aurobindo Ashram for permitting us for literature, photographs etc. in the general benefit of our readers. We are a non profit organization and expect encouragement from Ashram and Auroville – a spiritual center of Sri Aurobindo and The Mother.

# The Mother's Final Arrival
## Eighty Nineth Anniversary (1920–2009)

I am charged by God
to do his mighty work,
Uncaring I serve his will
who sent me forth,
Reckless of peril and
earthly consequence.
I reason not of virtue
and of sin
But do the deed he has put
into my heart.

(Savitri) — Sri Aurobindo

When I came from Japan:
I was on the boat, at sea,
not expecting anything…,
when all of a sudden, abruptly,
about two nautical miles
from Pondicherry, the quality,
I may even say the physical
quality of the atmosphere,
of the air, changed so much
that I knew we were entering
the aura of Sri Aurobindo.
It was a *physical* experience
and I guarantee that whoever
has a sufficiently awakened
consciousness can feel
the same thing.

— The Mother



*Mother in Japan*

# 1920–1973, Final Arrival in Pondy

In 1920 the Mother sailed for Pondicherry. Now the most important chapter in her life was to begin. She had found her chosen and appointed place of spiritual fulfillment.



*Mother's house in Paris*

The Mother reached Pondicherry on April 24, 1920. She was forty-two. She was pursuing an intense Yoga and the Sadhana was going on in the mental and vital planes. The result was even a physical change in her appearance.

"...after a month's yoga I looked exactly eighteen. And someone who had seen me before, who had lived with me in Japan and came here, found it difficult to recognize me. He asked me, `But really, is it you?' I said, `Obviously!'"

Until the Mother's final arrival, a few of Sri Aurobindo's followers had lived with him as members of the household. With the coming of the Mother, there were some gradual changes and a collective life took shape. Physically things were organized and regular collective meditations were started. Shri Nolini Kanta Gupta, one of the oldest disciples said of the Mother:

"The Mother taught by her manner and speech, and showed us in actual practice, what was the meaning of disciple and master;... It was the Mother who opened our eyes..."